જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૧/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૭૩	૧	૧૧૧૭૪	૧૭૩૦૪	૧	૧૭૩૦૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૫	૦	૬૫	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૩૩૭	૭૭	૨૮૪૧૪	૨૯૫૪૫	૮૬	૨૯૬૩૧
કુલ		૪૪૨૭૭	૭૮	૪૪૩૫૫	૫૩૩૪૦	૮૭	૫૩૪૨૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૪	૧૪,૪૮,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૧૦	૨૪,૧૦,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

વટવા પોલીસ સ્ટેશન : (૧)

ગોમતીપુર પોલીસ સ્ટેશનના પોક્સોના ગુનામાં નાસતા ફરતા આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ નાસ્તા ફરતા આરોપી તથા પેરોલ જમ્પ આરોપી પકડવા આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.સબ.ઇન્સ.વી.એમ.સાટીયા તથા એ.એસ.આઇ.વિજયરાજસિંહ પ્રતાપસિંહ બ.નં-૧૩૬૩૦ તથા અપો.કો.અનીશખાન ઇશાકખાન બ.નં.૪૮૦૪ તથા અ.પો.કો. હિતેશભાઇ નાગજીભાઇ બ.નં.૧૩૨૧૪ તથા અ.પો.કો.વિષ્ણુભાઇ બાબુભાઇ બ.નં-૧૩૨૧૪ નાઓ સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન એ.એસ.આઇ.વિજયરાજસિંહ પ્રતાપસિંહ તથા અપો.કો.અનીશખાન ઇશાકખાન નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે ગોમતીપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૮૨૧૦૧૨૮/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૩૫૪,૫૦૬(૧),૧૧૪ તથા પોક્સો એક્ટ કલમ-૭,૮,૧૮ મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતા ફરતા આરોપી નામે શરીફ ઉર્ફે ઇરફાન ઉર્ફે પાંચીયા સ/ઓ જાવેદ ઉર્ફે જયંતી જાતે-શેખ ઉ.વ.૨૧ ધંધો-સિલાઇકામ રહે.નવાપુરા યાકુબભાઇના ઝાડુના કારખાનાની સામે વટવા અમદાવાદ શહેર નાઓને ગણતરીના કલાકોમાં વટવા અંબીકા બ્રીજ નીચેથી તા.૨૦.૦૧.૨૦૨૧ ના કલાક-૨૧.૩૦ વાગે નજરકેદ કરી હાલમાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી ચાલતી હોઇ જેથી અટક કરેલ ન હોઇ જેથી પોલીસ નિગરાનીમા રાખી ગોમતીપુર પોલીસ સ્ટેશન સોપવા તજવીજ હાથ ધરી સારી કામગીરી કરેલ છે. તા.૨૦.૦૧.૨૦૨૧



વટવા પોલીસ સ્ટેશન : (૨)

કડોદરા જી.આઇ.ડી.સી.પોલીસ સ્ટેશન સુરત ગ્રામ્યના છેલ્લા ચાર વર્ષથી મર્ડર તથા લુટના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ નાસ્તા ફરતા આરોપી તથા પેરોલ જમ્પ આરોપી પકડવા આપેલ સુચના આધારે સદભાવના પોલીસ ચોકી પો.સબ.ઇન્સ. જે.કે.રાઠોડ તથા પો.કો. મુકેશભાઇ રૂપાભાઇ બ,નં-૩૮૧૬ તથા પો.કો. કરણસિંહ હમીરસિંહ બ.નં-૯૦૩૪ તથા પો.કો. દિલીપસિંહ બળવંતસિંહ બ.નં-૫૦૭૮ તથા પો.કો.અફઝલ રફીકભાઇ બ.નં.૩૯૧૨ તથા પો.કો. રાજદીપસિંહ તખતસિંહ બ.૧૦૧૬૧ તથા એલ.આર. રણછોડભાઇ મુળાભાઇ બ.નં.૧૧૯૫૦ તથા એલ.આર. હાર્દિકભાઇ કાળુભાઇ બ.નં-૧૧૯૪૨ તથા હેમંતભાઇ ચંપકભાઇ બ.નં-૧૧૪૭૧ નાઓ સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સબ.ઇન્સ.જે.કે.રાઠોડ નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે કડોદરા જી.આઇ.ડી.સી.પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૩/૨૦૧૭ ઇપીકો કલમ-૩૦૨ વિગેરે મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતા ફરતા આરોપી નામે નિતીન ઉર્ફે રાઘે ઉર્ફે નિત્યો સ/ઓ ગુલાબભાઇ જાતે-પાટીલ ઉ.વ.૨૩ ધંધો-વેપાર રહે-મ.નં-૧૩૬, પ્રિયંકા ગ્રીન સીટી કડોદરા, વરેલી, સુરત હાલ બ્લોક નં-૧૦/૩૦૯, સદભાવના નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર મુળ વતન ગામ-આરવી થાના-આરવી, તા.જિ-ધુલીયા રાજ્ય-મહારાષ્ટ્ર નાઓને વટવા સદભાવના નગર ચાર માળીયા ખાતે બ્લોક નં-૧૦ ની નીચેથી તા.૨૧.૦૧.૨૦૨૧ ના કલાક-૧૯.૦૦ વાગે પકડી અટક કરી કડોદરા GIDC પોલીસ સ્ટેશન સુરત ગ્રામ્ય ખાતે સોપવા તજવીજ હાથ ધરી સારી કામગીરી કરેલ છે.તા.૨૧.૦૧.૨૦૨૧



પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી. :

“નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કે.પી.રેસીડેન્સીના પાર્કીંગમાં પડેલ લોડીંગ ટેમ્પામાંથી વિદેશી દારૂ ભરેલ નાની-મોટી બોટલ નંગ-૯૬ કિંમત રૂ.૮૯,૭૬૦/- મળી કુલ્લે રૂપિયા ૩,૩૯,૭૬૦/- નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટરશ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૧.૦૧.૨૦૨૧ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, અ.હેડ.કોન્સ.મહેન્દ્ર વાસુદેવભાઇ, અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, અ.હેડ.કોન્સ. દીપનારાયણ રાજનારાયણ તથા અ.હેડ કોન્સ.જામસિહ રણુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અ.હેડ કોન્સ.જામસિહ રણુભા ને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે નિકોલ ગામ રોડ અવકાશપાર્ક સોસાયટી પાસે આવેલ કે.પી.રેસીડેન્સીના ‘એલ’ બ્લોકના પાર્કીંગમાં પડેલ લોડીંગ ટેમ્પો નં.GJ-27-X-2279 માંથી પંચો સાથે રેઈડ કરી ભારતીય બનાવટની વિદેશી દારૂ ભરેલ નાની-મોટી બોટલ નંગ-૯૬ કુલ કિંમત રૂ.૮૯,૭૬૦/-, તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કિં.રૂ.૩,૩૯,૭૬૦/- નો મુદામાલ ઝડપી પાડી બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી કરી નિકોલ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૫૨૧૦૦૧૧૩/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વોન્ટેડ આરોપી :

(૧) નટવરભાઇ ઉર્ફે નટુભાઇ વશરામભાઇ પટેલ (દેવાણી) રહે. મ.નં.૪, દીપક ભાવના સોસાયટી, ઇન્ડીયા કોલોની રોડ, બાપુનગર, અમદાવાદ. (૨) ચિરાગ જયંતીલાલ પટેલ રહે. જગતનગર સોસાયટી, બાપુનગર, અમદાવાદ.

ગુનાની જગ્યા : કે.પી. રેસીડેન્સીના ‘એલ’ બ્લોકના પાર્કીંગમાં, અવકાશપાર્ક સોસાયટી પાસે, નિકોલ ગામ રોડ, નિકોલ, અમદાવાદ ખાતેથી.

પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશી દારૂ ભરેલ નાની-મોટી બોટલ નંગ-૯૬ કુલ કિંમત રૂ.૮૯,૭૬૦/-

(૨) લોડીંગ ટેમ્પો નં.GJ-27-X-2279 કિંમત રૂ.૨,૫૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૩,૩૯,૭૬૦/- ની મત્તાનો મુદ્દામાલ





પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

ઇન્દ્રસીંગ s/o જશવંતસીંગ ધુલસીંગ રાવ ઉ.વ.-૩૪ ધંધો નોકરી રહે.નં. ૨૧૧, ક્રિષ્ના પેલેસ ગેસ્ટ હાઉસ, સ્વામિનારાયણ ચેમ્બર્સ, બીજો માળ સોનીની ચાલી ઓઢવ, અમદાવાદ શહેર.

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ સેકન્ડ ગુ ર નં ૩૦૦૩/૨૦૧૮ અનૈતિક વેપાર નિવારણ ૧૯૫૬ ની ક. ૩, ૪, ૫, ૯ મુજબ (૨) ઓઢવ ગુ ર નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૭૨/૨૦૨૦ અનૈતિક વેપાર નિવારણ ૧૯૫૬ ની ક. ૩, ૪, ૫, ૯ મુજ્બ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૧૧૩/૨૦૨૧ તા. ૨૧/૦૧/૨૦૨૧

બજવણી તા. ૨૧/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૧૫ વાગે :- સુરત લાજપોર જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ. શ્રી ડી બી પલાસ તથા અનાર્મ હે કો રાજેશભાઇ રમેશભાઇ બ. નં- ૬૭૬૯ તથા અ પો કો અગરસિંહ દોલતસિંહ બ નં ૧૧૮૨૧ તથા અ લો ર જયદિપસિંહ કનુભાઇ બ.નં. ૧૨૯૪૭ તથા અ લો ર ચાંપરાજભાઇ ઉકાભાઇ બ. નં. ૧૧૩૫૬

શહેરકોટડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપી વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે શરીર સબંધી ગુનામાં સંકળાયેલ આરોપી નામે અંકીત સ/ઓ વિનોદભાઇ રાજેન્દ્રસિંહ પરીહાર (પઢીયાર) ઉ.વ.૨૫ રહે.જાલમપુરીની ચાલી લાઇન નં-૨ સરસપુર અમદાવાદ શહેર નાને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૯૯/૨૦૨૧ તા.૧૯.૦૧.૨૦૨૧ આધારે પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ, પાલારા ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૯.૦૧.૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૩૫ લીટર દેશી દારૂ, ૧૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયરટીન ૧ સ્કુટર અને ૧ ટેમ્પો કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૪૪/૨૦૨૧**

વાડજ : અર્જુનભાઇ ભવરભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૬)(રહેકુંભારવાસ રામાપીરનો ટેકરો નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન નવા વાડજ શ્રીરંગ એપાર્ટમેન્ટમાં આવેલ નેત્રા પ્રોવિઝન સ્ટોર્સ બહાર પાર્ક કરેલ પોતાની એકટીવાના હેન્ડલ લોકમાં ભરાવેલ ચાવી વડે ડેકીનુ લોક ખોલી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૫/૨૦૨૧**

ખાડીયા : સંજ્યભાઇ બાબુભાઇ રાણા (રહે.ગોલાની ખડકી, શીતલ મહેલની સામે, સારંગપુર ચકલા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૧ ના કલાક ૩/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનિલ વસંતરાય ચલાવે છે.

વાસણા : ઝંખના વા/ઓ વરુણભાઇ પુજારા (ઉ.વ.૨૮)(રહે.રીવન્ટા ફ્લેટ, ન્યુ વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૧ સાંજના ૭/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સલમાનખાન રઝાકખાન ચલાવે છે.

ઇસનપુર : જાફરભાઇ સિતાબભાઇ શેખ (ઉ.વ.૪૦)(રહે.રેશ્મા રો-હાઉસ ગવા ગલી, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ચંડોળા તળાવ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે તળાવમાં ડુબી જઇ આત્મહત્યા કરી છે. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

નારોલ : હિનલ ડો/ઓ અરવિંદભાઇ મકવાણા (ઉ.વ.૨૦)(રહે. રોહિતવાસ સૈજપુર ગોપાલપુર ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી